કોરોના સંબધિત કર્મચારીઓ /અધિકારીઓને અનુસરવા ની સૂચનાઓ બાબત.

## :: પરિપત્ર::

નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે કે આપશ્રીના તાબા હેઠળ ફરજ બજાવતા નિયમિત મહેકમના વર્ગ-૧થી વર્ગ-૪ના અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓ/આઉટસોર્સીંગ સ્ટાફ/તમામ રીસર્ચ ફેલો/રોમજદાર કર્મચારીઓ/ ખેતમજુરોને નીચે જણાવ્યા મુજબની બાબતો ધ્યાનમાં લઈ કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે.

| | |
|---|---|
| ૧ | યુનિવર્સિટીના કોઈ પણ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ કે તે સિવાયના અન્ય કેટેગરીના ઈસમો હાલ તેમના કાર્યમથક/હેડ ક્વાર્ટરને બદલે અન્ય સ્થળે ઉપસ્થિત હોય તો તેમણે હાલના સ્થળની માહિતી તાત્કાલિક સંબંધિત યુનિટ/કચેરી વડાને ઈ-મેઈલ કે વોટસએપથી સંપૂર્ણ સરનામા સહિત જણાવવાની રહેશે. યુનિટના વડાશ્રીએ તમામ માહિતી સંકલિત કરી દફતર નિભાવવાનું રહેશે. |
| ૨ | યુનિવર્સિટીના કોઈ પણ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ કે તે સિવાયના અન્ય કેટેગરીના ઈસમો હાલ તેમના હેડ ક્વાર્ટરને/કાર્યમથકના જીલ્લા બહાર અન્ય જીલ્લામાં કે ગુજરાત રાજ્ય બહાર ઉપસ્થિત હશે તેમણે જયારે પણ કાર્યમથક પર હાજર થવાનું આવે ત્યારે સંબધિત જીલ્લા કલેકટર/જીલ્લા આરોગ્ય અધિકારીને બિનચૂક જાણ કરી તેની નકલ પોતાના યુનિટ/સબ યુનિટ વડાશ્રીને રજુ કરવાની રહેશે.વધુમાં આવા અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ વિગેરેએ સરકારશ્રીની કોરોના સંબંધિત માર્ગદર્શિકા મુજબ ચૂસ્તપણે અમલવારી કરવાની રહેશે. |
| ૩ | યુનિવર્સિટીના કોઈ પણ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓએ સરકારશ્રી દ્વારા જાહેર થયેલ હોટસ્પોટ/ કલ્સ્ટર કન્ટેઈન્ટમેન્ટ ઝોનમાં હાલ ઉપસ્થિત હોય તેમણે પોતાના યુનિટ/સબ યુનિટ વડાને સત્વરે જાણ કરવાની રહેશે તથા જયારે પણ યુનિવર્સિટી ખાતે કાર્યમથક/હેડકવાર્ટસ પર પરત ફરવાનું થાય તેની આગોતરી જાણ પોતાના યુનિટ/સબયુનિટ વડાને પણ કરવાની રહેશે.વધુમાં આવા અધિકારીઓ/કર્મચારીઓએ સરકારશ્રીની કોરાના સંબધિત માર્ગદર્શિકા ઉદા. સેલ્ફ કવોરેન્યટન/હોમ કવોરેન્યટન વિગેરેની ચૂસ્ત અમલવારી કરવાની રહેશે. |

ઉકત બાબતે ચુસ્ત તકેદારી રાખવા તમામ યુનિટ/સબ યુનિટ વડાશ્રીઓને આદેશનુસાર જણાવવામાં આવે છે.

પ્રસ્તૃત પરિપત્ર માન. કુલપતિશ્રીની મંજુરી મેળવીને જારી કરવામાં આવે છે.

જા.નં. નકૃયુ/રજી./એડીએમ.૩.૨/**૩૧૪૩-૯૨**/ ૨૦૨૦
ન.કૃ.યુ. નવસારી તા.૩૦.૪.૨૦૨૦

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ રવાના:-**

(૧) માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, ન.કૃ.યુ. , નવસારી તરફ જાણ સારુ.
(૨) યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ સારુ..
(૩) સિકયુરીટી ઓફિસરશ્રી, ન.કૃ.યુ. , નવસારી તરફ જાણ

**નકલ રવાના:-**

(૧) કુલસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી ન.કૃ.યુ. નવસારી તરફ